e MAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 309
March 16, 2012

## માહે ફેબ્રુઆરી ૨૦૧૨ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં માહે ફેબ્રુઆરી ૨૦૧૨ દરમ્યાન ૩૪૦૬ ઈન્ડોર તથા ૩૫૨૯૬ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૪૨૯ તથા ૬૦૫ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૭૩૪૮ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૭૨૮ અને જુના ૧૪૮૦ દર્દીઓ સહીત કુલ ૨૨૦૮ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા તથા યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ, ગુજરાત રાજય અને પશ્ચિમ ક્ષેત્ર સાંસ્કૃતિક મંત્રાલય, ઉદયપુરના સંયુકત ઉપક્રમે તા.૦૭/૦૩/૨૦૧૨ના રોજ "વસંતોત્સવ" કાર્યક્રમનું આયોજન



યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ, ગુજરાત રાજય અને પશ્ચિમ ક્ષેત્ર સાંસ્કૃતિક મંત્રાલય, ઉદયપુરના સંયુકત ઉપક્રમે તથા સુરત મહાનગરપાલિકાના યજમાન પદે આયોજીત જુદા–જુદા બાર રાજયોના પરંપરાગત મૂળ લોકનૃત્યોની પ્રસ્તુતિનો "વસંતોત્સવ" કાર્યક્રમનું આયોજન તા.૦૭/૦૩/૨૦૧૨ના રોજ સરદાર પટેલ સ્મૃતિ ભવન, મીની બજાર, વરાછા ખાતે સાંજે ૮.૩૦ કલાકથી કરવામાં આવેલ હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૦૯/૦૩/૨૦૧૨ના રોજ "આંતરરાષ્ટ્રીય મહિલા દિન"ની ઉજવણી



"આંતરરાષ્ટ્રીય મહિલા દિન"ની ઉજવણીના ઉપલક્ષ્યમાં નારી જગતની જાગૃતિ, એકતા અને સંગઠન ભાવનાની જયોત પ્રબળ બને તે હેતુથી સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૯/૦૩/૨૦૧૨ને શુક્રવારના રોજ સાંજે ૬.૦૦ કલાકે ચં.ચી.મહેતા નાટ્યગૃહ (રંગ ઉપવન), ચોકબજાર, સુરત ખાતે સમાજના વિવિધ ક્ષેત્રોમાં યોગદાન આપનાર મહિલાઓનો સન્માન સમારોહ, સાંસ્કૃતિક કાર્યક્રમ અને બેટી બચાવો વિષય ઉપર આધારિત "જરા થોભો" નાટકનું આયોજન કરવામાં આવેલ હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તા.૧૪/૦૩/૨૦૧૨ના રોજ સુરત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ સભ્યોશ્રીઓને ગુજરાત બિનઅધિકૃત બાંધકામો નિયમબધ્ધ કરવા બાબતના અધિનિયમ – ગૃડા–૨૦૧૧ કાયદાની સમજ આપવા વર્કશોપનું આયોજન

ગુજરાત બિનઅધિકૃત બાંધકામો નિયમબધ્ધ કરવા બાબતના અધિનિયમ – ગૃડા–૨૦૧૧નો અમલ તા.૨૦/૦૨/૨૦૧૨ થી શરૂ થયેલ છે. સુરત શહેર વિસ્તારમાં આવેલ બિનઅધિકૃત બાંધકામો આ કાયદા હેઠળ નિયમીત થાય તે માટે વધુમાં વધુ લોકો આ કાયદાનો લાભ લઈને નિયત સમયમર્યાદામાં અરજી કરે તે જરૂરી છે. જેને માટે આ કાયદાનો બહોળો ફેલાવો કરવો તે જરૂરી છે તથા આ અંગે કાયદામાં પણ જોગવાઈ થયેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## માહે ફેબ્રુઆરી ૨૦૧૨ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં માહે ફેબ્રુઆરી ૨૦૧૨ દરમ્યાન ૩૪૦૬ ઈન્ડોર તથા ૩૫૨૯૬ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૪૨૯ તથા ૬૦૫ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૭૩૪૮ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૭૨૮ અને જુના ૧૪૮૦ દર્દીઓ સહીત કુલ ૨૨૦૮ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૨૨૪ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૫૪૪ તથા આંખ વિભાગમાં ૨૬૫૬ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૧૪૪૭ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકો આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## સુરત મહાનગરપાલિકા તથા યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ, ગુજરાત રાજય અને પશ્ચિમ ક્ષેત્ર સાંસ્કૃતિક મંત્રાલય, ઉદયપુરના સંયુકત ઉપક્રમે તા.૦૭/૦૩/૨૦૧૨ના રોજ "વસંતોત્સવ" કાર્યક્રમનું આયોજન



યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ, ગુજરાત રાજય અને પશ્ચિમ ક્ષેત્ર સાંસ્કૃતિક મંત્રાલય, ઉદયપુરના સંયુકત ઉપક્રમે તથા સુરત મહાનગરપાલિકાના યજમાન પદે આયોજીત જુદા–જુદા બાર રાજયોના પરંપરાગત મૂળ લોકનૃત્યોની પ્રસ્તુતિનો "વસંતોત્સવ" કાર્યક્રમનું આયોજન તા.૦૭/૦૩/૨૦૧૨ના રોજ સરદાર પટેલ સ્મૃતિ ભવન, મીની બજાર, વરાછા ખાતે સાંજે ૮.૩૦ કલાકથી કરવામાં આવેલ હતું. સમારંભની શરૂઆતમાં શહેરના પ્રથમ નાગરિકશ્રી માન.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ, સુરતના સાંસદશ્રીમતી દર્શનાબેન જરદોશ, ધારાસભ્યશ્રી નાનુભાઈ વાનાણી, ડે.મેયરશ્રીમતી વર્ષાબેન રાણા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી ઉર્વશીબેન રામીમાળી દ્વારા દિપ પ્રાગ્ટય કરાવ્યું હતું.



આસામનો બિહુ નૃત્ય, મહારાષ્ટ્રનો લાવણી નૃત્ય, મણિપુરનો થાગંટા નૃત્ય, પંજાબનો ગિદ્દા/સમી નૃત્ય, ઉત્તરાખંડનો ધસીયારી નૃત્ય, કર્ણાટકનો ઢોલુ કુનિથા નૃત્ય, રાજસ્થાનનો કાલબેલિયા નૃત્ય, ઓરિસ્સાનો ગોટીપુઆ નૃત્ય, રાજસ્થાનનો દાંડીયા ગૈર નૃત્ય, મિઝોરમનો ચેરો નૃત્ય વિગેરે કૃતિઓની રજુઆત થઈ હતી. આમ સુરત મહાનગરપાલિકા શહેરના નગરજનોની પ્રાથમિક સુવિધા ઉપરાંત શિક્ષણ, કલા, સંસ્કૃતિ, રમતગમત, સામાજીકરણ વિગેરે જેવી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપતી વિવિધ સ્પર્ધાઓ અને કાર્યક્રમોનું પણ વખતોવખત આયોજન કરી રહી છે. સદર કાર્યક્રમમાં વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, અધિકારીગણ અને શહેરની કલારસિક જનતા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૦૯/૦૩/૨૦૧૨ના રોજ ''આંતરરાષ્ટ્રીય મહિલા દિન''ની ઉજવણી



''આંતરરાષ્ટ્રીય મહિલા દિન''ની ઉજવણીના ઉપલક્ષ્યમાં નારી જગતની જાગૃતિ, એકતા અને સંગઠન ભાવનાની જયોત પ્રબળ બને તે હેતુથી સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૯/૦૩/૨૦૧૨ને શુક્રવારના રોજ સાંજે ૬.૦૦ કલાકે ચં.ચી.મહેતા નાટ્યગૃહ (રંગ ઉપવન), ચોકબજાર, સુરત ખાતે સમાજના વિવિધ ક્ષેત્રોમાં યોગદાન આપનાર મહિલાઓનો સન્માન સમારોહ, સાંસ્કૃતિક કાર્યક્રમ અને બેટી બચાવો વિષય ઉપર આધારિત ''જરા થોભો'' નાટકનું આયોજન કરવામાં આવેલ હતું. કાર્યક્રમની શરૂઆતમાં મા.ડે.મેયરશ્રીમતી વર્ષાબેન રાણાએ ઉપસ્થિત સર્વેને સુરત મહાનગરપાલિકા વતી આવકાર્યા હતા. ત્યારબાદ પ્રાર્થના, વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ અને બેટી બચાવો અભિયાન આધારિત નાટક ''જરા થોભો'' રજુ કરવામાં આવ્યો હતો. પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં શહેરના પ્રથમ નાગરિક અને મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે વિકાસશીલ સમાજમાં સ્ત્રીઓ પુરૂષો સાથે સ્પર્ધા ન કરતા એક બીજાના પૂરક બની સમાજના વિવિધ ક્ષેત્રે વધુ સફળતા અને વિકાસ હાંસલ કરે એવી શુભકામના દર્શાવી હતી. માન.મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના છેલ્લા દસ વર્ષથી પણ વધુના સમયગાળા દરમ્યાનના સુશાસન દરમ્યાન ગુજરાતે ભરેલ વિવિધ ક્ષેત્રેની હરણફાળમાં સમાજના સ્ત્રીવર્ગનો પણ મોટો ફાળો રહેલ છે. મહિલાઓના સશકિતકરણ માટે સંકલ્પબધ્ધ ગુજરાત સરકારે તબીબી ક્ષેત્રે, આર્થિક ક્ષેત્રે, સામાજીક ક્ષેત્રે, રાજકીય ક્ષેત્રે અને શૈક્ષણિક ક્ષેત્રે વખતોવખત અલગ અલગ યોજનાઓ હેઠળ સમાજની મહિલાઓને સીધી સહાયના અનેક કાર્યક્રમોનું આયોજન કરેલ છે અને તેનો સીધો લાભ ગુજરાતના આ હરણફાળ વિકાસમાં સ્ત્રીઓના સહભાગીકરણના સ્વરૂપમાં પરિણામેલ છે. તેમ જણાવ્યું હતું. સમાજમાં નારીનું સ્થાન, તેની સુરક્ષા, વિકાસમાં તેનો ફાળો વિગેરે વિષય ઉપર અગ્રણી સમાજસેવિકાશ્રી પુનમબેન ગુજરાનીએ પણ પોતાના મંતવ્યો રજુ કર્યા હતાં. ત્યારબાદ ન્યાય, તબીબી, કાયદો અને સુવ્યવસ્થા, પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડિયા, સાહિત્ય, સમાજસેવા, વિગેરે ક્ષેત્રે કાર્યરત અગ્રણી મહિલાઓ તથા ચૂટાયેલા મહિલા પદાધિકારીશ્રીઓનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. અંતમાં સમાજ કલ્યાણ આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષાશ્રીમતી ઉર્વશીબેન રામીમાળીએ સર્વે ઉપસ્થિતોનો આભાર માન્યો હતો. આ પ્રસંગે સાંસદશ્રીમતી દર્શનાબેન જરદોશ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલ, મ્યુ.કમિશ્નરશ્રી એમ.કે.દાસ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, અધિકારીગણ અને શહેરના નગરજનો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## તા.૧૪/૦૩/૨૦૧૨ના રોજ સુરત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ સભ્યોશ્રીઓને ગુજરાત બિનઅધિકૃત બાંધકામો નિયમબધ્ધ કરવા બાબતના અધિનિયમ – ગૃડા–૨૦૧૧કાયદાની સમજ આપવા વર્કશોપનું આયોજન

ગુજરાત બિનઅધિકૃત બાંધકામો નિયમબધ્ધ કરવા બાબતના અધિનિયમ – ગૃડા–૨૦૧૧નો અમલ તા.૨૦/૦૨/૨૦૧૨ થી શરૂ થયેલ છે.

સુરત શહેર વિસ્તારમાં આવેલ બિનઅધિકૃત બાંધકામો આ કાયદા હેઠળ નિયમીત થાય તે માટે વધુમાં વધુ લોકો આ કાયદાનો લાભ લઈને નિયત સમયમર્યાદામાં અરજી કરે તે જરૂરી છે. જેને માટે આ કાયદાનો બહોળો ફેલાવો કરવો તે જરૂરી છે તથા આ અંગે કાયદામાં પણ જોગવાઈ થયેલ છે.

જેના ભાગરૂપે આજ રોજ તા.૧૪/૦૩/૨૦૧૨ના રોજ સુરત મહાનગરપાલિકાની મુગલીસરા ખાતેની મુખ્ય કચેરીના સરદાર ખંડમાં મ્યુનિસીપલ સભ્યોશ્રીઓને કાયદાની સમજ આપવા માન. મેયરશ્રીના અધ્યક્ષ સ્થાને એક વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતું.

કાર્યક્રમની શરૂઆતમાં મ્યુનિસીપલ કમિશ્નરશ્રીએ ગૃડા–૨૦૧૧ના કાયદા અંગે પ્રસ્તાવના / પરિચય આપેલ હતો. ત્યારબાદ ટાઉન પ્લાનરશ્રી રાજેશ પંડયાએ સદરહું કાયદાની જુદી–જુદી જોગવાઈઓની વિસ્તૃત જાણકારી આપવા અંગે પ્રેઝન્ટેશન રજુ કર્યુ હતુ. પ્રેઝન્ટેશન બાદ મ્યુનિસીપલ સભ્યોશ્રીઓ ધ્વારા ઉપસ્થિત કરાયેલ પ્રશ્નોના જવાબો માન. મ્યુનિસીપલ કમિશ્નરશ્રી, ડેપ્યુટી કમિશ્નરશ્રી (પી એન્ડ ડી), ''સુડા'' ના સીનીયર ટાઉન પ્લાનરશ્રી તથા સુરત મહાનગરપાલિકાના ટાઉન પ્લાનરશ્રીએ આપ્યા હતા. માન. મેયરશ્રીએ પ્રાસંગિક ઉદબોધન કરીને સદરહું કાયદા અંગે વધુમાં વધુ લોકોને જાણકારી આપીને કાયદો સફળ બનાવવા તમામ મ્યુનિસીપલ સભ્યશ્રીઓને અનુરોધ કર્યો હતો.

TOP